સલામી સવારની..

ઘણીવાર ગુપ્ત વાતની જાહેર જાણ હોય છે,
થાય ઘાણ ગરીબોનો, સમસ્યાની ખાણ હોય છે,
કાણ-મોકાણ હોય છે નિર્ણયોના અમલમાં જ
આંખ મીંચી કૂદનારામાં મીઠાંની તાણ હોય છે...
(એટીએમ-બેન્ક-અફળાતફડી)

હાઈકુ

અમેરિકાની
લોકશાહી દ્વિધામાં -
ટ્રમ્પ-હિલેરી?!

તડકે ઊભા -
ખૂદ પણ થ્યા કાળા -
નાણાંનો રંગ!!

ચિંતન

સાધુ એસા ચાહિએ, દુઃખૈ દુઃખાવે નાહિ,
પાન, ફૂલ છેડે નહીં, બસૈ બગીયા માંહિ

ઉપરોક્ત શ્લકો કબીરવાણીમાંથી લેવામાં આવેલ છે.

આ સાખીમાં કબીર જીવન જીવવાની અને જીવન જીતવાની જડીબુટ્ટી આપે છે. સંસારમાં રહીને વિરક્ત ભાવથી પોતાનું કર્તવ્ય બજાવે એવા સાધુને જ પ્રમાણ માની શકાય. કબીર મુજબ આપણે બગીચાનો આનંદ ક્યારે માણી શકીએ કે જયારે આપણે તેની શોભા જાળવી રાખીએ. આજે જગત જયારે પર્યાવરણીય અસંતુલનથી પીડાઈ રહ્યું છે ત્યારે આ બોધ કેટલો માર્મિક છે. જાપાન જેવા દેશમાં શ્રમિક પોતાની માગણી મનાવવા વધારે કામ કરી કંપનીની સધ્ધરતા વધારવા જહેમત કહે છે. તેના વિરોધનું માધ્યમ જ મહેનત છે. જયારે આપણે ત્યાં કંપની કે સંસ્થાનો નાશ થાય તેવી પ્રવૃત્તિ કરતાં તેના સંચાલકો કે કામદારો સંકોચ નથી પામતાં. સરવાળે બાગની જ બાદબાકી થઈ જાય છે. દુનિયામાં આતંકવાદ જેવી હિંસક પ્રવૃત્તિથી તો ઉપવન ઉજ્જડ થઈ જાય તેટલું સદાય યાદ રાખજો, તેનાથી દૂર રહીએ.

સુવિચાર

- જેમ જાતે કોઈ દિવસ ઘા અનુભવ્યા નથી, તે જ બીજાના ઝખમની હાંસી કરે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સુખ સાથે એકરૂપ થતાં દુઃખ દૂર થાય છે... અને જ્ઞાન સાથે એકરૂપ થતાં ભૂલો નષ્ટ થાય છે - **વેદાંત**
- સત્ય એટલે માનવમાંથી પરમાત્મા સ્વરૂપની ઉત્ક્રાંતિ - **જનકલ્યાણ**
- પ્રેમ, સત્ય અને નિઃશ્વાર્થ સેવા વૃત્તિ એ ફક્ત શબ્દો નથી...
  પણ એ જ માણસના ઊંચા આદર્શના ઘડવૈયા છે - **પૂજ્ય મોટા**
- દયા એ સ્વર્ગ સમાન છે, શુભ થવા માટે આપણે સૌ એ દયાળું થવું જોઈએ - **જીવનસૂત્ર**
- કર્તવ્ય ભાગ્યે જ કોમળ હોય છે... એના પૈડામાં પ્રેમનું તેલ પુરાય ત્યારે જ તે સરળતાથી વહે છે...
  નહીંતર સતત ઘર્ષણ થયા જ કરે છે - **મોરારિ બાપુ**
- કોઈ પણ કાર્યના અંતે ફક્ત તમે જ સુખી થવાના હોવ તો તે કાર્ય ન કરો - **સાધુ વાસવાણી**
- આજનું ઔષધ : મધ અને તજ પાઉડરનું સરખા ભાગે મિશ્રણ કરી નરણા કોઠે લેવાથી ચરબી દૂર થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

ઈશ્વરે જેમ, નરસિંહ-મીરાં-તુકારામ-સુરદાસજીને 'સાક્ષાત્' હતા - એ એમની નિઃસ્વાર્થ ભક્તિ અને અતૂટ શ્રદ્ધા-વિશ્વાસનું પરિણામ હતું. એવી જ રીતે સંતોમાં પણ 'ગુરુ' પરંપરા પરની શ્રદ્ધા-વિશ્વાસ પણ એવી જ ચમત્કારિક ઘટનાઓ દ્વારા 'સાક્ષાત્કાર' કરાવે છે.

તિબેટમાં 'મિલારેપા' નામના ગૂઢવિદ્યાના વિવેકી-શુદ્ધ અને નમ્ર સાચા સંત થઈ ગયા.

મિલારેપા ગુરુભક્ત હતા. ગુરુકૃપાની અનેક વાતો પોતાના શિષ્યમંડળમાં કહેતા - યુવાનીમાં ત્યારે બીજા શિષ્યો એની વાતો અને શ્રદ્ધાની ઈર્ષા કરતા. એકવાર શિષ્યો કોઈ શિખર પર દર્શનાર્થે ગયા - વળતાં કોઈએ 'મિલારેપા'ની મશ્કરી કરી. તારે પગથિયાં ઉતારવાની શી જરૂર કૂદકો માર - ગુરુજીની કૃપા તને બચાવી લેશે... અને થયું પણ એમ જ. મિલારેપા કુદ્યા અને પદ્માસનમાં જ નીચે પહોંચી ગયા.

એક આશ્રમમાં આગ લાગી - શિષ્યોએ 'મિલારેપા'ને આગમાંથી એક સ્ત્રી-બાળકને બચાવવા ધકેલ્યો - 'મિલારેપા' તેમને ઊંચકી સુખરૂપ બહાર આવી ગયો.

ખૂદ ગુરુજીને પણ તેના શ્રદ્ધા-વિશ્વાસ પર આશ્ચર્ય થતું.

કાળાં નાણાં માટે આરપારની લડાઈ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાળાં નાણાંના કાળીનાગને નાથવાનો દૃઢ સંકલ્પ ફરીથી દોહરાવ્યો છે અને એ માટે જાનનું જોખમ વહોરવાની પણ તૈયારી દર્શાવી છે. સામાન્ય રીતે રાજકારણના ખેલંદા રીઢા રાજપુરુષો એક એક શબ્દ તોલી તોલીને બોલવા ટેવાયેલા હોય છે. મોદી પાસે વાણીનો વૈભવ છે. તેઓ પોતાની વાત વધુમાં વધુ અસરકારક રીતે રજૂ કરવા જરૂર પડ્યે ભાવુકતામાં સરી પડે છે અને કલ્પના પણ ન કરી શકાય એવા ઉદ્‌ગારો કાઢતા રહે છે. મોદી એ રીતે અત્યાર સુધીના કોઈ પણ વડાપ્રધાન કરતાં બલકે વિશ્વનેતાઓ કરતાં જુદા પડે છે. કાળા નાણાંના મુદ્દે ૨૦૧૪ની ચૂંટણી ટાણે આપેલ વચનો પાળવાની પ્રતિબદ્ધતા સામે પ્રશ્નાર્થો ઊઠવા લાગ્યા ત્યારે મોદી પાસે આ મુદ્દે કઠોર પગલું ભર્યા સિવાય વિકલ્પ પણ નહોતો રહ્યો. વિદેશી બેંકોમાં પડેલું કાળું નાણું દેશમાં લઈ આવવાના એમના અને જેટલીના પ્રયાસોને ધારી સફળતા નથી સાંપડી તે સર્વવિદિત છે. ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર - જેવી હાસ્યાસ્પદ પરિસ્થિતિ સરજાતાં કોંગ્રેસ અને બસપા સહિતના તમામ વિપક્ષોએ મોદીની ઠેકડી ઉડાડવા માંડી હતી. ગરીબોનાં ખાતામાં સીધા જ પંદર લાખ જમા કરાવી દેવાનું ચૂંટણી વચન પાળી શકાયું નહીં એથી મોદી માટે 'ફેંકુ' જેવાં વિશેષણો વપરાવા લાગ્યા હતા. કાળાં નાણાં કોની પાસે હોઈ શકે, વિદેશી બેંકોમાં જઈને નાણાં કોણ સંતાડી શકે - એ બધા મુદ્દા આમ જનતાની નજરે જે માલેતુજાર ઉદ્યોગપતિઓ, ધનકુબેરો કે રાજકીય માંધાતાઓ તરફ શંકા સેવતા વરતાતા હતા એમનો તો વાળ સુધ્ધાં વાંકો ન થયો. આથી મોદીની ઈમાનદાર અને સત્યવક્તા નેતા તરીકેની ઈમેજને સારો એવો ઘસારો પણ પહોંચ્યો હતો. મમતા બેનરજીના પ્રધાનો શારદા કૌભાંડમાં સંડોવાયેલા હોવા છતાં પશ્ચિમ બંગાળમાં મમતાની પાર્ટીનો જયજયકાર થયો અને જયલલિતા પાસે અબજોનું કાળું નાણું હોવાની વાત ચર્ચાતી હોવા છતાં એમને તમિળનાડુની પ્રજાએ સત્તાનશીન કર્યા. આથી રીઢા રાજકારણીઓ અને કાળાં નાણાંના વહેવારથી ટેવાઈ ગયેલ સામાન્ય પ્રજાને પણ બે નંબરનાં નાણાં કોઠે પડી ગયાં હોવાનું જ તારણ નીકળી શકે. બેંકો આગળ એક એક કિલોમીટરની લાઈનો લગાવીને પોતાની પરસેવાની કમાણીને જમા કરાવી નવું નાણું મેળવવા ઊભા રહેલા સામાન્ય માનવી માટે તો રાજકારણી માત્ર પછી એ 'ધોળિયો' હોય કે 'કેસરિયો' - ભ્રષ્ટાચારનો જ જમૂનો છે. રાજકારણીઓ અને બ્યુરોક્રેટો પાસે બિલ્ડરો અને મોટા વેપારીઓ કરતાં ઓછું કાળું નાણું હોવાનું ભાગ્યે જ કોઈ સમજદાર નાગરિક માની શકશે. ત્યારે મોદી હવે જેની ઝેરની કોથળી નિચોવી નાખવા કૃતસંકલ્પ છે તે કાળાં નાણાંનો કાળીનાગ એમને ડસ્યા વગર રહેશે ખરો? ભારતીય જનતા પાર્ટીને અઢળક નાણાં આપી દિલ્હીના

તંત્રીસ્થાનેથી...

મયૂરાસન સુધી પહોંચાડવામાં સામાન્ય મતદારો કરતાં મોટો ફાળો તો મૂડીપતિઓનો જ રહ્યો છે. આ ધનકુબેરો એમના પ્રભાવનો ઉપયોગ કરી ચૂંટણી ટાણે 'પંજા'ની આંગળીઓ લોહીલુહાણ કરાવતા રહ્યા અને કાદવમાં કમળ ખીલવતા રહ્યા. આજે એ બધા તો ફસાયા છે કે એમના જીવને મૂકવાનો મારગ નથી રહ્યો. ન કહેવાય કે ન સહેવાય એવી દારુણ પરિસ્થિતિમાં મુકાઈ ગયેલા ભાજપનો આ સમર્થક સમુદાય હવે મોદીની ઝાપટથી બચવા ઘાંઘો થઈ બ્લેકના વ્હાઈટ કરવાના રાસ્તા શોધી રહ્યો છે. શરુઆતના દિવસોમાં સહકારી બેંકો સાથે મોટાં માથાંએ વહીવટ કરી દીધો હોવાની વાતો હવામાં છે. હવે ઘોડા નાસી ગયા પછી તબેલાને તાળાં મારવા જેવાં પગલાં લેવાઈ રહ્યાં છે. મોદીએ સામાન્ય લોકોને પડતી હાલાકી બદલ ભારે ખેદ વ્યક્ત કર્યો છે, પરંતુ હજી આથી વધારે કઠોર પગલાં લેવાના અણસાર પણ એમણે આપી દીધા છે. બેનામી અને બિનહિસાબી નાણાં પર એમની નજર મંડાયેલી જ છે. ૨૦૧૭ની ઉત્તરપ્રદેશ, પંજાબ અને ગોવા ઉપરાંત ગુજરાતની ચૂંટણીમાં મોદીના આ પગલાની સાનુકૂળ કે પ્રતિકૂળ અસરો વરતાશે. મોદીએ કોઈ પણ પડકાર ઝીલવાની પૂરી તૈયારી દર્શાવી છે.

કુછ તો લોગ કહેંગે...

આપણા જીવનની કરૂણતા એ છે કે આપણે જે કાંઈ કરીએ છીએ અથવા વર્તીએ છીએ તે અન્ય લોકોને ધ્યાનમાં રાખીને કરીએ છીએ.

એક પિતા અને પુત્ર તેમના ઘોડા સાથે ઘર તરફ પાછા જઈ રહયાં હતા. પિતા ઘોડા પર બેઠા હતા અને પુત્ર તેમની સાથે ચાલી રહયો હતો. રસ્તામાં એક સ્ત્રીએ તેમને જોઈ ટીકા કરી, ''કેવો નિષ્ઠુર બાપ છે ! પોતે ઘોડા પર બેઠો છે અને કુમળા બાળકને પગે ચલાવી રહયો છે.'' આ સાંભળી, ઝંખવાણા પડી ગયેલા પિતાએ પોતે ઘોડા પરથી ઊતરી, પુત્રને ઘોડા પર બેસાડયો ને તેઓ આગળ વધ્યા. વળી થોડેક છેટે કેટલાક વટેમાર્ગુઓ મળ્યા. તેમણે દીકરાને ઠપકો આપીને કહયું કે, ''આ કેવો મૂર્ખ દીકરો છે કે પોતે ઘોડે બેઠો છે અને બાપને ચલાવે છે!'' આ સાંભળી બાપ-દીકરો બન્ને ઘોડા પર બેસી ગયા.

વળી આગળ ચાલતાં કેટલાક લોકો મળ્યા. તેમણે બન્નેને ઘોડા ઉપર જોઈને કહયું કે, ''અરે ! જુઓ તો, દયા જેવું કાંઈ રહયું છે ? બાપ-દીકરો બન્ને ઘોડા પર ચડી બેઠાં છે ! ઘોડાનો કોઈ વિચાર કરે છે ખરું ?'' આ સાંભળી પિતા-પુત્ર બન્ને ઘોડા પરથી ઊતરી, ઘોડા સાથે ચાલવા લાગ્યા. તેમને લાગ્યું કે લોકોને કાંઈ બોલવાની તક જ શા માટે આપવી ? પરંતુ ફરી થોડે આગળ ગયા અને વળી કોઈકે ટીકા તો કરી જ, ''આ લોકો કેવા મૂર્ખ છે ! આટલો મોંઘો ઘોડો ખરીદ્યો પણ બેમાંથી એકેય ઘોડા પર બેસતા જ નથી ! ઘોડો ખરીદવાનો કાંઈ મતલબ ખરો ?''

મરાઠીમાં એક કહેવત છે કે ''દુનિયા ન પાઈ ચાલુ દે ન ઘોડયા વર બસુ દે !'' (દુનિયા છે : પગે ચાલવા ન દે, ઘોડે બેસવા ન દે.) લોકો બોલવાના છે તે નક્કી છે, શું બોલશે તે નક્કી નથી. જો લોકોના બોલવા પર ધ્યાન આપીશું તો મંઝિલે કેમ કરી પહોંચીશું? પોતાની બુધ્ધિ ત્યજીને પારકી શિખામણ ક્યારેય કામ લાગતી નથી. હિન્દી ફિલ્મનું એક સુંદર ગીત છે :

કુછ તો લોગ કહેંગે લોગો કા કામ હૈ કહેના,
છોડો બેકારકી બાતો કો કહી બીત ન જાયે રૈના... !

હું કપડા પહેરું તો પણ લોકો શું કહેશે ? જો હું લખું, અથવા જો હું બોલું તો લોકો શું કહેશે ? જો આ પ્રકારનો નિર્ણય લઉં તો લોકો શું કહેશે ? મારા જીવવાનો આધાર અને પાયો '' લોકો શું કહેશે '' પર નિર્ભર છે. મારા જીવનનું એક-એક પગલું લોકોને કેન્દ્રમાં રાખીને લેવાતું હોય એ જીવનની મોટી કરૂણતા છે.

સંસ્કૃતમાં એક સુંદર શ્લોક છે : **વિદ્યતે તુ નહિ સશ્ચિદુપાયઃ સર્વલોક પરિતોષસરો ચ :**

(અર્થાત્ : જે ઉપાયથી સઘળા લોકોના મનને સંતોષ આપી શકાય એવો કોઈ ઉપાય છે જ નહિ.) એટલે હે આર્ય પુત્ર, લોકોની ચિંતા છોડીને તને યોગ્ય લાગે તેમ તુ કર.

ગાંધીજીની આત્મકથામાં એક સુંદર પ્રસંગ આવે છે. ગાંધીજી ભણવા માટે વિદેશ જવા તૈયાર થાય છે. ત્યારે આખી જ્ઞાતિ ભેગી થાય છે અને જ્ઞાતિના વડા ગાંધીજીને જતાં રોકે છે. પરંતુ ગાંધીજી પોતાના નિર્ણય પર મક્કમ છે. ભણવા વિદેશ જાય છે જ. ગાંધી વર્ષો પછી પાછા ભારત આવે છે ત્યારે આ જ જ્ઞાતિના લોકો ગાંધીજીનું એરપોર્ટ પર સ્વાગત કરવા માટે હાર-તોરા લઈને ઊભા રહે છે.

વાર્તામાં પિતા-પુત્ર અને ઘોડાને લઈને બધા જ વિકલ્પો-સંયોજનો વખતે જેમ તેમની ટીકા કરવામાં આવી તેમ જીવનમાં કોઈપણ સ્થિતિએ, ગમે તેવા સંજોગોમાં લોકો દ્વારા ટીકા થવાની જ. શું કરવું, કેવી રીતે કરવું, શા માટે કરવું એ જો નક્કી હોય તો કોઈની પરવા કર્યા વગર નક્કી કરેલાં રસ્તે નિકળી પડવામાં જ શાણપણ છે. યા હોમ કરીને પડો... ફતેહ છે આગે....

મિસરી :

કિસીકે વાસ્તે રાહેં કહાં બદલતી હૈ
તુમ અપના રાસ્તા ખુદ ચૂન સકો તો ચલો (નીદા ફઝલી)

નોટ ને સિક્કા નાખ નદીમાં ધૂળિયે મારગ ચાલ!

- **કોણે કીધું ગરીબ છીએ?**
  કોણે કીધું રાંક?
  કાં ભૂલી જા મન રે ભોળા!
  આપણા જુદા આંક.
- **થોડાક નથી સિક્કા પાસે,**
  થોડીક નથી નોટ,
  એમાં તે શું બગડી ગયું?
  એમાં તે શી ખોટ?
- **ઉપરવાળી બેંક બેઠી છે**
  આપણી માલંમાલ,
  આજનું ખાણું આજ આપે ને
  કાલની વાતો કાલ.
- **ધૂળિયે મારગ કૈંક મળે જો**
  આપણા જેવો સાથ,
  સુખ-દુઃખોની વારતા કે'તા
  બાથમાં ભીડી બાથ.
- **માનવ ભાળી અમથું અમથું**
  આપણું ફોરે વ્હાલ;
  નોટ ને સિક્કા નાખ નદીમાં,
  ધૂળિયે મારગ ચાલ!

- મકરંદ દવે

શ્રી મકરંદ દવેની ઉપરોક્ત કવિતા છેલ્લા સપ્તાહથી દરેક ભારતીયનું જાણે કે રાષ્ટ્રગીત બની ગયું છે... (જો કે તેના મૂળ ભાવને તો આપણે આત્મસાત્ નથી કર્યો... તેની શીર્ષક પંક્તિ કટાક્ષના રુપમાં આપણે અત્યારે તો ગણગણીએ છીએ...

૫૦૦-૧૦૦૦ ની નોટ વિશેની અઢળક વાતો આપણે વ્હોટ્સ એપ પર ફેસબુક પર કે વર્તમાનપત્રોમાં વાંચી લીધી છે... જાણે કે ખોવાઈ ગઈ છે... આપણા ટોળાશાહી સ્વભાવ પ્રમાણે આપાતકાલીન સ્થિતિમાં જ ભેગા થવાની આપણી વૃત્તિને ફરી સાબિત કરતા આપણે છેલ્લા અઠવાડિયાથી આપણા ફાસ્ટ અને બીઝી રુટિનમાંથી ખાસ્સો બધો સમય કાઢીને 'ઓટલા ટોક', 'કેન્ટીન ટોક', 'ચૌહારા ટોક' વગેરે માટે ફાળવતાં થયાં છીએ...

બેંકની લાઈનમાં સાવ અજાણ્યા હમ-પંક્તિ બિરાદરો સાથે કલાકોનો સમય વ્યતીત કરવા માટે ગામ-ગપાટા છેડી દઈએ છીએ...

સ્નેહી સંબંધી - સગાસંબંધી (ખાસ કરીને તેવા ધનાઢ્ય સગા કે જેમને 'સગવડ' કરવાની ચિંતા કોરી ખાય છે) તેવા સગા-મિત્રો સોરી ઈદ કા ચાંદ થઈ ગયેલા ભૂલાયેલા મિત્રો-સગાઓ ફોન કરીને આપણા ખાલી ખમ સેવિંગ્સ અકાઉન્ટને થોડા સમય માટે ભાડે આપવાની વિનંતી કરતા દેખાય છે...

વર્ષોથી પૈસા ઉછીના લઈને પોતાનું ચંદ્રવંશી મુખડું ન દેખાડતા 'મિસ્ટર ઈન્ડિયા'ની જેમ અદશ્ય બની ગયેલા મહાનુભાવ રાતોરાત પ્રગટ થાય છે અને ૫૦૦-૧૦૦૦ની નોટ વળગાડી દેવાની વેતરણમાં દેણું પુરુ કરવાની ઉતાવળ કરતા નજરે ચડે છે.

૪ ગાંધીજીને (૧૦૦૦ની ચાર નોટને) વાળીને ખિસ્સાના કોઈ ખૂણામાં મૂકીને છૂટા લેવા જનાર લોકો બેંકમાંથી નીકળતી વખતે અનુક્રમે ૪૦, ૨૦૦ કે ૪૦૦ ગાંધીજી લઈને બહાર નીકળે છે. (૧૦૦ રૂ.ની ૪૦ નોટ, ૨૦ની ૨૦૦ કે ૧૦ની ૪૦૦) જે કપડાની થેલીનો ઉપયોગ ૫૦૦ ગ્રામ શાક લાવવા માટે કરતા હોઈએ અત્યારે તે થેલીમાં ૧૦ના ચાર બંડલ લાવવા જેવો પવિત્ર ઉપયોગ થાય છે... સાલુ નકદ નાણું ખીસ્સા ભરી ભરીને ઘરે આવીએ ત્યારે નાનપણમાં પેલા પરદેશમાં કમાઈને પાછા આવતો પોપટ પાંખોમાં, ચાંચમાં અને બધી જગ્યાએ પૈસા ભરીને લઈ આવે અને પછી તેની માની સામે પાંખો ફફડાવે એટલે રૂપિયાનો ઢગલો થાય તેવી વાર્તા સાંભળી હતી તેવી ફિલીંગ જ અત્યારે માત્ર ૪૦૦૦/- રૂપિયા ઘરે લઈને આવીએ ત્યારે આપણને થાય છે... જાણે પોપટ બની ગયા હોઈએ...!

બીજો ફાયદો એ થયો કે માત્ર સાત દિવસના ક્રેશ કોર્સમાં માનનીય નરેન્દ્ર મોદીએ અર્થશાસ્ત્રના શિક્ષકના રૂપમાં સવાલો કરોડ ભારતીયોને અર્થશાસ્ત્રના પંડિત બનાવી દીધા. ત્રણ વર્ષ સ્નાતક, બે વર્ષ અનુસ્નાતક અને પછીના પાંચ વર્ષની ડૉકટરેટની ઉપાધિના મેળવીએ તો કુલ ૧૦ વર્ષનો અર્થશાસ્ત્રનો કોર્સ માત્ર સાત જ દિવસમાં બધા જ ભારતીયોને શિક્ષક નરેન્દ્ર મોદીએ ખૂબીપૂર્વક પારવધા બનાવી દીધા...

વિચાર તો કરો... નાનકડું ટાબરીયું પણ ૫૦૦-૧૦૦૦ની નોટ બંધ થવાથી શું ફાયદા-ગેરફાયદા છે, સોનું લઈ લેવું જોઈએ કે પછી ચાંદી ખરીદી લેવી જોઈએ... શું પગલાં ભરવા જોઈએ... કયાં કેટલા ટેક્સ લાગશે... તેવી બધી જ ગણતરીમાં એક્કા બની ગયું છે.

હડપ્પીય સંસ્કૃતિની જેમ વસ્તુ વિનિયમનો સમય પાછો આવ્યો... કરિયાણાની દુકાન પર કે દૂધવાળાને ત્યાં ચિઠ્ઠીમાં વ્યવહાર ચાલુ થયા...

આ બધી અફરાતફરીમાં નાના માણસોની મોટાઈ નજરે ચડી... એક મિત્રએ શૅર કરેલી વાત મુજબ માત્ર ૧૦૦ રૂ.ની ૩ નોટ લઈને કચ્છ દર્શન કરવા નીકળેલા મિત્રને અડધા રસ્તે હતા ત્યારે આ ઐતિહાસિક સમાચાર રૂપી વીજડી પડી... અને સાથે લીધેલ ૧૦૦૦ કે ૫૦૦ ની નોટનો કોઈ લેવાલ નજરે પડે નહીં... એટીએમમાંથી પૈસા નીકળે નહીં.... આવા સમયે મુદ્રા પોર્ટ પરના પાનના ગલ્લાવાળાએ હસતા હસતા ૫૦૦/- ના છુટ્ટા આપી દીધા અને કહ્યું કે... 'તમે તો અમારા કચ્છના અતિથિ છો...!' તમે હેરાન થાવ તેવું ન થવું જોઈએ....

છેલ્લા એક સપ્તાહમાં બેંક કર્મચારીઓએ લગભગ ત્રણ વર્ષનું એક સામટું કામ કરી નાખ્યું છે... ગયા બુધવારે રાત્રે ત્રણ વાગે બેંકમાંથી ઘરે ગયા પછી બીજા દિવસે સવારે નવ વાગ્યાથી હાજર થઈ ગયા અને શનિ, રવિ, નાનક જયંતિ જેવી રજાઓમાં પણ એકધારા કાર્ય કરી રહ્યા છે...

૫૦૦-૧૦૦૦ની નોટ જમા કરાવવા આવતી કેટલીય 'નોટો'ની અવળી-સવળી વાતો અને મ્હેણા સહન કરીને કામ કરે રાખવું પડે છે... 'થેંકલેસ' જોબ કરતા રહે છે... બેંકના દરેક કર્મચારી મિત્રોને આ માટે ખૂબ ખૂબ ધન્યવાદ આપવા ઘટે...

સો વાતની એક વાત... (વાહ! સો(૧૦૦) શબ્દ તો અહીં પણ કામનો છે!!) આ હીસ્ટોરીક નિર્ણયના આ સમયના આપણને સાક્ષી બનવાને જો મોકો મળ્યો છે! તે વન્સ ઈન લાઈફ છે!! વિચાર તો કરો આપણે ૧૦૦૦/- ની નોટના થેલા ઉકરડામાં રખડતા જોયા, ૫૦૦ને હજારની નોટોને ગંગા-સ્નાન કરતા જોઈ... ૧૦૦૦/-ની નોટમાં શીંગ-ચણા ફાકતા લોકોને જોયા !... વાહ!!! આગામી પેઢીને મનોરંજન પૂરું પાડવા આપણી પાસે રીયલ ફિકશન સ્ટોરી છે...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

સામેના માણસને માનવતાપૂર્ણ અભિગમથી મૂલવીએ

'સાયેબ તમારા જેવા ભલા માણસો છે એટલે અમારા જેવા નાના માણહને આમ સાચવો છો.' ડ્રાઈવર માંગીલાલે કહ્યું, સામે પક્ષેથી હિમાંશુએ જવાબ આપતા કહ્યું, 'અલ્યા ભઈ આમાં કાંઈ મદદ નથી, અમે તમને ડ્રાઈવર તરીકે નહીં પરંતુ એક માણસ તરીકે જોયા છે!'

ઘટના છે ૨૦૦૬ના વર્ષની.

વિશ્વ પ્રસિદ્ધ રામકથાકાર પૂજ્ય મોરારી બાપુની રામકથાનું આયોજન કરાયું હતું શ્રીનાથજીમાં. શ્રીનાથજી જેવું વૈષ્ણવી તીર્થધન અને એમાં મોરારી બાપુની રામકથા.... સોનામાં સુગંધ જેવી વાત હતી. આખુયે શ્રીનાથજી રોશનીથી ઝાકમઝોળ શણગારવામા આવ્યું હતું.

સાવ અજાણ્યા શ્રોતાઓથી લઈને દેશવિદેશના શ્રોતાઓ-સ્વજનો-પ્રિયજનોને કથા યજમાન અને જાણીતા બિઝનેશગ્રુપ 'મિરાજ' ના સ્થાપક મદનલાલ ગુપ્તા દ્વારા કથાશ્રવણ માટે જાહેર આમંત્રણ અપાયું હતું. કથા નિમંત્રણ મળતા અમદાવાદનો એક પરિવાર પણ મિત્રો સાથે શ્રીનાથજી ગયો હતો. ધ્વનિ એના ડેડીના મિત્રો હિમાશું-પ્રતિક અંકલ તથા પ્રવિણ અને પરિવારજનો કથા શ્રવણમાં ગયા હતા.

સવારે કથા શ્રવણનો આનંદ બપોર બાદ આસપાસના સ્થળોની મુલાકાત અને રાજસ્થાનના પ્રવાસન સ્થળોનો આનંદ લેવાનો સહુને ગમતો હતો. વહેલી સવારે શ્રીનાથજીના દર્શન-સાંજે વિશ્વપ્રસિદ્ધ કલાકારો દ્વારા રજૂ થતાં ગીત-સંગીત-નૃત્ય અને કાવ્યના કાર્યક્રમોનો લ્હાવ અનુપમ હતો.

કથા મંડપમાં બેઠક વ્યવસ્થા-ભોજનની વ્યવસ્થા-પાર્કિંગની વ્યવસ્થા સહિતની તમામ વ્યવસ્થાઓ શ્રેષ્ઠ રીતે આપવામાં આવી હતી. મિરાજ ગ્રૂપના કાર્યવાહક - મિત્રો અને એ પરિવારના ગુજરાતના મિત્રો દિલીપ કેપ્રી-ચિમનભાઈ વગેરેએ સમર્પિત ભાવે શ્રોતાઓને શ્રેષ્ઠ સુવિધા મળે તે માટે પ્રયત્ન કર્યો હતો.

કથામાં ભોજનની ઉત્તમ વ્યવસ્થા હોવા છતાં આ સહુ કયારેક રાત્રે હાઈવે પર દેશી હોટલમાં જમવા ગયા ત્યારે કથાના શ્રોતાઓ તરીકે હોટલના માલિકો તરફથી એમને જે ભાવથી ભોજન પીરસાયું તે નિહાળીને 'પધારો મ્હારે દેશ' ગીતના શબ્દો જાણે અનુભવાયા હતા.

કથા વિરામના આગલા દિવસે સાંજે પાંચેક વાગે આસપાસના કોઈ સ્થળની મુલાકાત લઈને સહુ ઈનોવા કારમા આવી રહ્યા હતા. એવામાં ડ્રાઈવર માંગીલાલ પર મોબાઈલમાં એક ફોન આવ્યો ને જવાબમાં એ કબ હુઆ? કૈસે હુઆ? ચોટ તો જ્યાદા નહીં આઈ! જેવા વાક્યો બોલતો જણાયો. એ પછી પણ બે-ત્રણ ફોન એના પર આવ્યાને એણે પણ કર્યા એટલે પ્રતિકભાઈએ કહ્યું, 'ભાઈ તું કાંઈ ટેન્શનમાં લાગે છે, અહીં આ કામ ફોન પર પુરું કર.' સહુએ ચા કોફી-પીધા એને એમાં રસ ન હતો.

સહુ ફરી ગાડીમાં બેઠા એટલે એને પુછ્યું ત્યારે ખબર પડી કે એનુ 'ગામ ઉદયપુરથી ૨૦ કિ.મી. અંતરે આવેલું હતું. એ ગામમાં એની પત્ની અને બે બાળકો તથા માતાપિતા રહેતા હતા. એ અમદાવાદમાં રહીને ડ્રાઈવીંગની નોકરી કરતો હતો અને સમયે સમયે ગામ જઈ આવતો હતો. મોટી દીકરી અને પછી એક દીકરો હતો જેની ઉંમર ૪-૫ વર્ષની હતી. એ દીકરો શેરીમાં રમતો હશો અને એક બાઈક સવાર એને ઈજાગ્રસ્ત કરીને જતો રહ્યો હતો. આસપાસના માણસો એકઠા થઈ ગયા હતા અને ઘરના સભ્યો પણ દવાખાને લઈ ગયા હતા. અત્યારે સદનસીબે વિશેષ ઈજા થઈ ન હતી પરંતુ પાંચ-સાત ટાંકા અને લેવા પડ્યા હતા.

હિમાંશુએ એને આખી વાત જાણીને કહ્યું, 'જો સાંભળ ચાર-પાંચ વિકલ્પ છે તારી પાસે, એક તો એ કે અમને હોટલ પર ઉતારી તું આ ગાડી લઈને તારા ઘરે જઈ આવ અને વહેલી સવારે પાછો આવ.' તો પેલો કહે 'પણ સાયેબ કિલોમીટર ચડે ને?' એનો હિસાબ...' વાક્ય કાપીને હિમાંશુએ કહ્યું એ સવાસો-દોઢસો કિલોમીટ અમે ફર્યા એમ જ તારે માનવાનું... બીજો વિકલ્પ કે ગાડી મુકીને બસમાં કે જીપમાં જા અમે તને પૈસા આપીએ... ત્રીજો વિકલ્પ કે તું બસમા જા - ગાડી અમને આપ અમે સવારે ઉદયપુર આવીએ ને તું સાથે આવી જા... તારા શેઠને પુછી જો...' ... આખ્ખી વાતમાં રહેલી લાગણી માંગીલાલ સમજી ગયો અને એટલે કહે મને પાંચ મિનિટ આપો આખરે બે-ચાર ફોન પછી એના ચહેરા પર હાશ દેખાઈ અને કહ્યું 'કાલે આપણે થોડા વહેલા નીકળીએ હું તમને ઉદયપુર ઉતારીને ગામડે જઈ આવું અને પાછો આવી જઈશ.'

બીજા દિવસે નિયત કાર્યક્રમ કરતા થોડા કલાકો વહેલા નીકળ્યા - માંગીલાલે ઉદયપુર તળાવને કાંઠે સહુને ઉતાર્યા પ્રતિકભાઈએ ધ્વનિના હાથે એને ફ્રુટ - નાસ્તો અને થોડા પૈસા એના દીકરા માટે અપાવ્યા - એ ગયો અને ત્રણ-ચાર કલાકે પાછો આવ્યો પાછા ફરતા ગાડીમાં એણે ઉપર લખેલા શબ્દો કહ્યા હતા અને એ સંવાદ થયો હતો. હિમાંશુએ આગળ જતા એને કહ્યું, 'જો દોસ્ત, અમે તમને ડ્રાઈવર તરીકે નહીં, માત્ર માણસ તરીકે અમારા આનંદ માટે મદદ કરી છે. તે પણ અમારી સાથે આ પ્રવાસમાં સારી વર્તણુક કરી છે અને અમે પણ કરી...' આમ બધા અમદાવાદ પહોંચ્યા ત્યારે સહુના હૈયામાં બીજા માણસને અનાયાસ ઉપયોગી થયાનો આનંદ હતો અને કથાશ્રવણ પણ મનમાં ગુંજી રહ્યું હતું.

તાજેતરમાં આ જ યજમાનના આયોજન હેઠળ રામદેવરા - પૂજય મોરારી બાપુની કથાનું આયોજન કરાયું એટલે સહજપણે એ સમયનો બનેલો આ કિસ્સો સાંભરી આવ્યો.

આપણી સાથે, આપણી આસપાસ કામ કરતા મજૂરો-ડ્રાઈવરો-કામવાળા કે કોઈ પણ પ્રકારનું કામ કરનારા શ્રમિકો આખરે પહેલાં ક્રમે માનવી છે એટલે સંવેદના જો આપણા હૈયામાં જાગૃત થાય તો આપોઆપ એમની સાથે વાત કરવાનો આપણો લહેજા અને મિજાજ પણ ફરી જાય છે. એમના માનવીય ગૌરવનો ખ્યાલ રાખીને જયારે વાત કરવામાં આવે છે ત્યારે એમની સાથે આપણી અંદર પણ એક ઠંડક પ્રગટ થાય છે. જયારે આપણે સામેની વ્યક્તિને નાના-મોટા, સાચા-ખોટાના માપદંડથી નથી જોતા, એના વ્યવસાય સાથે એનું મૂલ્ય નથી આંકતા ત્યારે, એને એના હોદ્દાથી નથી મુલવતા તેવા સમયે સાચી માનવતા અને સાચી શાલિનતા પ્રગટ થાય છે.

કોઈની મુશ્કેલીના સમયે અથવા કોઈના શુભ અવસરે એની સાથે રહેવામાં જે આનંદ આપણને આવે છે એને મદદ પહોંચાડવામાં જે પ્રસન્નતા

અનુસંધાન પાના નં. ૭ પર